રમણ સુંદરી

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિતવર્ધક" નાટક કંપની માટે.

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.

આવૃતિ ચોથી પ્રત ત્રણ હજાર.

શ્રી મહેશ મુદ્રાલય—સુરત.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીંમત રૂ૦ ૦-૨-૦

२०७५

પાત્રોનાં નામ.

ધીરસિંહ—ચંદ્રનગરનો રાજા.
કૃષ્ણાબા—ધીરસિંહની રાણી.
રત્નસિંહ—ધીરસિંહનો કુંવર.
સુંદરીકા—ધીરસિંહની કુંવરી.
ચતુરસિંહ—ધીરસિંહનો ભાણેજ.
વિલાસી—ધીરસિંહના રાજ્યનો નીમકહલાલ મશ્કરો.
નંદલાલ—ચંદ્રનગરનો વણીક.
ઝમકુ—નંદલાલની નવી સ્ત્રી.
ગંગા—નંદલાલની જુની સ્ત્રી.
મોતીચંદ—ચંદ્રનગરનો નગરશેઠ.
જાલમસિંહ—અમરપુરનો રાજા.
વિજયશંકર—તેનો પ્રધાન.
રમા—જાલમસિંહની રાણી.
રમણસિંહ—જાલમસિંહનો કુંવર.
વસન્તીકા—જાલમસિંહની કુંવરી.
વિજળી—એક દાસી
હમીર—રમણસિંહનો હજુરી.
દાસ, દાસીઓ, પુરવાસી, સિપાઇ, વારાંગનાઓ વિગેરે.

જાહેર ખબર.

શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીમાંથી નાટક કંપનીઓ તથા રામલીલા કરવાવાળાને લગતો સેકન્ડ હેન્ડ સામાન અમારી કંપનીમાંથી કીફાયત ભાવે મળશે.

રમણ સુંદરી નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

જવનીકા ઉપડતાં સર્વ પાત્રો જયનાદ સાથે ચમત્કારી રચનાથી આરતી ઉતારતાં ઇસ્વર સ્તુતી કરે છે.

પ્ર. ૧ માં—રસ્તામાં રમણુસિંહ પોતાના પીતાના અન્યાયને ધીક્કારતો હમીર નામના હજુરી સાથે ઉભો છે. ત્યાંથી ચતુરસિંહ સુંદરીકાને ફસાવવા માતાને મંદીર જવા નીકળે છે. તેની પાછળ રમણસીંહ સુંદરીકાને બચાવવા જાય છે. આ સર્વ હકીકત જોનાર વિલાસી રમણુસિંહને મદદ કરવા અને ચતુરસિંહને સપડાવવા તેની પાછળ જાય છે.

પ્ર. ૨ માં—માતાને મંદીરે સુંદરીકા સખીયો સહીત ગરબા ગાય છે. ચતુરસિંહ આવી સખીયોને ભયથી નસાડે છે. સુંદરીકાને પકડે છે. રમણુસિંહ વીલાસીની મદદથી સુંદરીકાને છોડાવે છે. ત્યાંથી પ્રેમીના પ્રેમની શરૂઆત થાય છે. સુંદરીકા ચાલી જાય છે. અને રત્નસિંહ આવી રમણુસિંહનો ઉપકાર માની પોતાને ત્યાં મીજમાન થવા આજીજી કરી સાથે લઇ જાય છે.

પ્ર. ૩ માં—મેહેલમાં રાજા ધીરસિંહને ચતુરસિંહ તમારા કુંવરે વેરીનો સતકાર કર્યો અને સુંદરીકા પણ તેનેજ વરાવશે એમ કહી શંકામાં નાખે છે. ધીરસિંહ તેનો તપાસ કરવા જાય છે. પાછળથી સુંદરીકા પોતાના પીતા નીચના અભરવાથી ઉછેરાયા

મારી પશ્ચાતાપ કરે છે. ત્યાં વીલાસી આવી ચતુરસિંહનાં કાવતરાં જાહેર થયાના અને તેને દેશપાર કર્યાના ખબર આપે છે. વળી રમણસિંહને મળવાની યુકતી બતાવી નંદલાલના ઘરનો કંકાસ મટાડવા જાય છે.

પ્ર. ૪ માં—નંદલાલ શેઠની જુની નવીના દુરાચરણ માટે અફસોસ કરે છે. વિલાસી ત્યાં આવી છુપાય છે. નવી પોતાના છોકરાને રમાડતાં પોતાનાં પાપ જાહેર કરે છે. ત્યાં તેને આધીન થયેલો નંદલાલ આવે છે. નવી તેને ધમકી આપે છે નંદલાલ મારી માગે છે. બન્ને સ્ત્રીઓ પાસેથી દાગીના માગી દીકરાની વહુને ચડાવવા નંદલાલ મારે છે. નવી કંકાસ કરે છે. અને જુની આપે છે. વિલાસી નંદલાલને નવીનાં કાળાં કામ સ્વેશમાં જાહેર કરી ચાલ્યો જાય છે.

પ્ર. ૫ માં—રમણસિંહને રાજમાં લઈ જવા હમીર હઠ કરે છે. રમણસિંહ રોકાવાની વૃતી જણાવે છે. વિલાસીની યુકતીથી સુંદરીકા ઝવેરી થઇ આવે છે. કેટલીએક વ્યંગ વાતો કરી વરવાનું વચન લઇ પ્રગટ થાય છે. બાદ પ્યારભર રજા લઇ જુદા પડે છે.

પ્ર. ૬ માં—વસન્તીકા પોતાની સખીયો પાસે જર્મનીની કેલવણીની બડાઇ કરે છે. રમણસિંહના આગ્રહથી રતનસિંહ સાથે આવેલો વિલાસી ત્યાં આવે છે. વસંતીકા તેને કિન્ડરગાર્ટન બતાવે છે. પાછળથી વિલાસી તેની સખીયો સાથે ગમ્મત કરે છે.

પ્ર. ૭ માં—જાલમસીંહ પોતાના કુંવરપર દુશ્મનથી મીત્રાચારી કરી માટે ગુસ્સે થાય છે. રાણી રમા તેને વારે છે. રમણસિંહ

પોતાના પીતાનું કહેવું નહીં માનતાં રત્નસિંહથી મીત્રાચારી જારી રાખે છે.

પ્ર. ૮ માં—વસંતીકા બગીચામાં પોતાની સખીઓ સાથે વિનોદ વાત કરે છે. રત્નસિંહ તે સાંભળે છે. એક દ્રષ્ટી થાતાં બન્નેનાં ચીત્ત પ્રેમમય બને છે. પ્રેમ ચેષ્ટા કરે છે, અને વીતેલા પ્રસંગ યાદ રાખવા પરસ્પર સુચવી બન્ને પ્રેમી જુદાં પડે છે.

અંક બીજો.

પ્ર. ૧ માં—ધીરસિંહ પાસેથી ધીક્કાર પામેલો ચતુરસિંહ જાલમસિંહને ભંભેરવાના વીચાર કરતો ચાલ્યો જાય છે. ખાનગી બાતમી લાવવા રત્નસિંહ તરફથી રહેલ વિલાસી તેના વીચાર સાંભળી જાલમસિંહના દરબારમાં ચતુરસિંહની પાછળ જાય છે.

પ્ર. ૨ માં—જાલમસિંહની કચેરીમાં વિલાસી ગવૈયો થઇ આવે છે. ચતુરસિંહ જાલમસિંહને રત્નસિંહ સાથે વસંતીકાની પ્રીતી જણાવી ઉશ્કેરે છે. જાલમસિંહ ક્રોધીત થઇ જનાનામાં જાય છે. વિલાસી સઘળું સાંભળી ચતુરનું પાપ પ્રગટ કરવા પ્રયાસ કરે છે.

પ્ર. ૩ માં—રમા રાણીની દાસી વીજળી તથા ચતુરસિંહનો મેળાપ અને પ્રપંચ કરી દીવાન વિજયશંકરને રાજ્યમાંથી કાઢ મુકવાની વેતરણ.

પ્ર. ૪ માં—જાલમસિંહ કુંવરી કુંવરને ધમકી આપે છે, રમા વચ્ચે પડે છે. બચ્ચાં બેધડક બોલે છે કે ધીરસિંહનું કુટુંબ નીર દોસ છે જેથી જાલમસિંહ રમણને દેશવટો દે છે. વસંતીકાને કેદ કરે છે અને ધીરસિંહના રાજ ઉપર ચડાઇ કરે છે.

પ્ર. ૫ માં—નંદલાલની નવી ગુલાબસિંહ સાથે મદીરામાં મસ્ત બની મોજ કરે છે, ગુલાબસિંહને ખરચી માટે ગંઠો આપે છે, દારૂની બેભાનીમાં ગંઠો પડી જાય છે. તે છુપાએલા વીલાસીને હાથ આવે છે. છોકરાને રડતો સાંભળી રંગમાં ભંગ થવાથી નવી મારી નાખે છે. ગુલાબસિંહ તેને ધીક્કારી ચાલ્યો જાય છે. વિલાસી પુરાવાનો ગંઠો લઇ ચાલ્યો જાય છે.

પ્ર. ૬ માં—સુંદરીકા સખીયો સાથે ગરબો ગાય છે ત્યાં દેશવટો પામેલો રમણસિંહ તંબોળી રૂપે આવે છે. કેટલીએક સ્લેશ માં વાત કરી પ્રગટ થાય છે સુંદરી ભેટયા પછી શરમાય છે. જેથી સખીયો જાય છે. પછી બન્ને પ્રેમી પરસ્પર ધીરજ આપી જુદા પડે છે.

પ્ર. ૭ માં—ચંદ્રનગરના પાદરમાં જાલમસિંહ આવી ચતુરસિંહના કહેવા મુજબ પોતાના લસ્કરને ઉશ્કેરી ધીરસિંહના કુટુંબને કેદ કરવા જાય છે.

પ્ર. ૮ માં—ધીરસિંહ તથા તેની રાણી બચ્ચાંપર વાતસલ્યતા દરસાવતાં રત્નસિંહ પાસેથી જાલમસિંહની રાજ્ય વ્યવસ્થા સાંભળે છે. જાલમસિંહ આવી સર્વને કેદ કરે છે. સુંદરીકાને ચતુરસિંહ સાથે વરાવા કહે છે. ચારે કેદી તેને ધીક્કારે છે. જેથી જાલમસિંહ રાજા રાણીને દેશનીકાલ અને કુંવરી કુંવરને કેદ કરી ચતુરસિંહને તેની દેખરેખ સોંપે છે.

પ્ર. ૯ માં—નંદલાલને ઘેર ઉઠવણે આવેલાં માણસો બેઠાં છે. ત્યાં નંદલાલ આવે છે. નવી તેની પાસે જુનીનો દોષ જાહેર કરે છે. જેથી સત્યવાદી જુની નાકબુલ થાય છે પછી નંદલાલ મોતીચંદ પાસે ન્યાય કરાવવા જાય છે.

પ્ર. ૧૦ માં—દીવાન વિજયશંકરના રાજ ખટપટ સંબંધી વીચારો. ત્યાં વીજળીનો પ્રપંચ. રાજાનું ગુપ્તપણે સાંભળવું અને ચતુર વિજયશંકરને વ્યભીચારી ઠરાવી દેશપાર કરવો. જોગી વેશે વીજયશંકર કુમાર રમણુસિંહ સાથે મેળાપ ત્થા રાજાને સુધારવા રત્નનગર જવું.

પ્ર. ૧૧ માં—સુંદરીકા તથા રત્નસિંહને કેદ થયલાં જાણી ખેદીત થયેલો વિલાસી ચતુરસિંહ સાથે મળી સુંદરીકાને મનાવવાની લાલચ આપી નીશાની માટે તેની વીંટી લઇ જેલમાં સુંદરીકા પાસે જાય છે.

પ્ર. ૧૨ માં—જેલમાં સુંદરીકા વીતેલી વીપત્તી યાદ કરી પશ્ચાતાપ કરે છે ત્યાં વિલાસી આવી પેહેરેગીરને નીશાની બતાવતાં નશાધીન કરી સુંદરીકાને નસાડી પોતે સુંદરીકા બને છે કામાંધ ચતુરસિંહ આવે છે. વિલાસી લાજમાં વાત કરી. પ્યાર બાંધી ઘોડો બનાવી પોતે સ્વાર થાય છે. અંતે ચતુરસિંહ ચેતીને વિસ્મય થાય છે. પડદો પડે છે.

અંક ત્રીજો.

પ્ર. ૧ માં—સુંદરીકા જંગલમાં તેનાં માતપીતાને મળી દીલાસો આપે છે ત્યાં રમણુસિંહ મળવાથી તેની સાથે પાપીનું પાપ પ્રગટ કરવા જાલમસિંહના રાજ્યમાં જાય છે.

પ્ર. ૨ માં—સાધુવેશમાં વિજયશંકર સાથે રમણુસિંહનો મેળાપ ને રાજા જાલમસિંહને સુધારવા માટે બન્નેને રતનગર તરફ જવું.

પ્ર. ૩ માં—રાણી રમા પુત્રી વસંતીકાને છોડાવવાની તજવીજ કરે છે રાજા ચતુરસિંહના ભંભેરવાથી વસંતીકાની તપાસ માટે જાય છે. અને ચતુરનાં પાપ જાહેર કરવાની ચાવી રાણીને હાથ આવે છે.

પ્ર. ૪ માં—વિલાસીની મદદથી છુટેલો રત્નસિંહ એકડંડીયા મહેલમાંથી વસંતીકાને છોડાવી તેની મા પાસે લઇ જાય છે. પાછળથી જાલમસિંહ આવી વસંતીકાને નહીં જોવાથી ગુસ્સે થઇ રાણીને શીક્ષા કરવા જાય છે.

પ્ર. ૫ માં—રમણસિંહ તથા સુંદરીકા અરીમર્દન સરદારને મળે છે. સર્વ એકસંપ થઇ જાલમસિંહ પાસે ચતુરનાં પાપ પ્રગટ કરવા જાય છે. અને વીલાસી નંદલાલના ઘરનો કજીઓ પતાવા જાય છે.

પ્ર. ૬ માં—મોતીચંદ શેઠ નંદલાલનો ન્યાય કર્યો, તે જોઇ વીલાસી શાબાશી આપી પુરાવો હાજર કરે છે. સર્વ નવીને ધીક્કારી જુનીને ધન્યવાદ આપે છે

પ્ર. ૭ માં—ગુસ્સે થયેલો જાલમસીંહ રાણી વિગેરેને ધમકી આપે છે ત્યાં સર્વ મળી ચતુરનાં પાપ જાહેર કરે છે. જાલમસિંહ પસ્તાય છે. રમણ ચતુરને મારે છે સર્વ ધીરસિંહને શોધી તેનું રાજ સોંપવા વીચારે છે.

પ્ર. ૮ માં—સખીયો સાથે સુંદરીકા વિનોદ વાત કરે છે. રત્નસિંહ આવે છે. વસંતીકા શીવાય સહુ ચાલ્યાં જાય છે. પાછળ રહેલાં પ્રેમી જોડાંનો મીઠો શૃંગાર રસ ઝળકે છે.

પ્ર. ૯ માં—બન્ને કુમારો તથા બન્ને કુમારીયો ધીરસિંહને મળે છે. ધીરસિંહ તથા જાલમસિંહ કુમારોને રાજ સોંપી સન્યસ્ત ગ્રહણ કરે છે. શાન્તી. શાન્તી. શાન્તી.

૨૦૭૫

રમણ સુંદરી.

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

ગાંધર્વો તથા અપ્સરાઓ—(૧)

જય જય શીવશંકર ત્રીપુરારી જય અઘહારી ત્રીભુવન તારી
રૂષિજન મનવારી અખીલ ઉંધારી સુર નર ભક્તિ કરે તારી
ગાંધર્વો—જગપટમાં જન નાટક ધારી અદ્‌ભુત રસ રંગ ભર્યો ભારી
સાત્ પડદાવાલી ભૂમી નિશાળી, સંગીત સ્વરની લ્હે તાળી.
ભવભેદ વિચારી ભક્તિ ઉચારી, ભાવક ભાળી લ્હે તારી.
અપ્સરાઓ—કરૂણાના સાગર નટવર નાગર ભવજલ ગાગર જયકારી
આજન નાટક રમણ સુંદરી, કુલીન પાત્ર આ હંસ દૂધ અર્હી
શ્રોતા જન સહુ સાર શ્રવણ કરી સનનન સનસન
અંતે સત્ય ધરમ જયકારી, ભવ ઉતરી જાવા ડગલું ભરી
જન મંડળનાં જીગર સર્વ હરી રસપાઠથી સત સુખદ ધરી
થનનન થનથન ઝનનન ઝનઝન સનનન સનસન—

વિલાસી— (૨)

જુવો જુવો યારો જગત જળ ખાડી, ડૂબે દુનિયાં દાડી
લે જીવ એ સુમાર, પવનની પ્રપંચી સપાટી પર ચાલે
ફરેબી હોડીયો હજાર, અરે વાહ: વાહ: ભલા કહોની કોઇ યારો.
કંઇ આપે છે બાહ્ય કહે ગોર, રહે બેસી માં ચોળી જવ લુંટે છે.
લુટારા કે લુચ્ચા ચોર, ખરો કાયદો! નગદ વાયદો! તેમાં ફાયદો
છે અલાવદો. મારે પહેલાં જે લાત, કરે પાછળથી વાત
ફાવે દુનીયાની સાથ, તેવી હંકારો હોડી મતલબની સફરમાં
સોદાગર થઇ આવો તૈયાર.

સુંદરીકા તથા સખીઓ— (૩)

આવો આવો સાહેલા બ્હેલી બ્હેલી.
જુવો જુવો કોયલડી પેલી ઘેલી, પીયુ પટાવતી, રીતે રીઝાવતી
મુખે મનાવતી ચીત્તે ચળાવતી, વિરહણી વિકાસતી વિલાસથી ઠરેલી
પ્રિત રીત છે અટપટી ભાગી મન ભરમાય, પ્રેમાનીજ પ્રસાદીને
ખરથી નહીં ખવાય
કંઇ બહાર શી અનંગની વાહંગમાં, રંગે રમે રસીયા શું રામા રસીલી.
રસ રમતી નવેલીરે ઉમંગમાં, જોબન ડાળે ઝુલતી પ્રેમ હીંચોળા ખાય
પિયુ વનીતા લહે શીત સુધારસ પાય, જો જો ઉગર ઉડીને જાએ
જોબનવંતિ જુવતી છોડી, પ્રીતરાગ પરાગ વીછોડી છુટી પડીએ જોડી
કોયલડી ક્યાં ક્યાં દોડી, નહીં ભાળ મળી હાથોડી— આવો.

સુંદરીકા— (૪)

નહીં ચેન કંઇ દીન રેન જેમ ઘેલી બની ગોવાલણી.

વેણું તણા મૃદુનાદથી મુરલીધરે મુરખી ગણી.
શું શું હશે શું શું થશે મન ભ્રમણતા વધતી ઘણી
જીવ એક મન બીજે પડેલું એવી હાલત હા બની.

સુંદરીકા— (૫)

ખીલી જોબનની કળી કરમાઇ જાય છે, પિયુ ભમરા વિનાની વેલી
ઘેલી થાય છે

ઝુલે જુવાનીમાં ડોલતી ડાળીએ, રસિયા વિનાની મુંઝાઇ જાય છે.
પ્રેમીના પંથનો જે ગ્રંથ ગુંથેલો રસીલો નહીં ભેદુ વિના પરખાય-
પ્રિતી પુષ્પ વેલો

જોડી વિના જુવાનીનો જુવાની રંગ ઝેર; ઝરે છે પ્રેમદીણો પ્રીત
કુવામાં અધુરા! જઈભેટું રસીયાનેરમણી હું દીલે એમ થાય છે. પિયુ.

ઝમકુ— (૬)

પ્યારા પોઢી જા પોઢીજા મારા બાલ. સુઇ જા મારા લાડુલા,
તને પોઢાડું સ્હેજ પલંગ!! હાં! હાં! હાં! તને ઓઢાડું સાલ વિરંગ
વાહવીરા, ફુળ હીરા. મુજ વીરા, સુઇ જા આપુ ચુમ્બન આપું.
હેં હેં હેં—ચાંદાપોળી બેટા ઘીમાં ઝબોળી, ખવરાવું ખંતે હું પ્રીત
અમોલી, ચુરમું હું દઉં ઘીમાં ચોળીરે બેટા સુઇ જા પ્યારા.
ગાંડીયો મારો ડાયો પાટલે બેસી નાચો! ઓ, હાં:

ઝુમકુ— (૭)

મારે સ્વામી છતાં તે રંડાપોરે બાપજી, જુનીનું જોર ન માય
નંદલાલ—મારૂં ઘર ગધેડે ચડયું રે માવડી નંદલાલ નરકે જાય
વિલાસી—જાય જાય, ઘરનું ધોલીકું થાય, મોકાણું નિત્ય મંડાય

ગોળાનું પાણી સુકાય ! ઘર ફીટે ઘર જાય ! મારે.

નંદલાલ—જોઇ વેરી મેં જાત, રાંડ નીકળી કુજાત

ગંગા—અરે લ્યોને દાગીના હું આપું છું નાથજી ઘરમાંથી જો પાપ જાય.

નંદલાલ.................મારૂં ઘર ગધેડે ચડયું રે માવડી.

વિલાસી—હાય શેઠ હાય એતો બે બૈરીનો લાવો અંદર ગુલાબ-
સિંહનો દાવો.

ઝુમકુ—અરે મેર પીટયા વાંઝીયા

વિલાસી—કુટ ત્યારે છાજીઆં

ઝુમકુ—હાય તને, હાય તને, હાય, હાય, હાય. મારે સ્વામી.

વિજયશંકર— (૮)

થયાં નથી નહીં થનારાં, કોઇના ગુવા કે ધન

અર્ક દૂધ પેઠે ઉડે કયા રેના ઠરતાં—થયાં

ફરે નિત છાતી કાઢી જણાવે જોર અતિ, એવા એમરે તે દેખી લોકનાં ડરતાં

કરી નિત કત્યો કુડાં કમાયે વીત અતિ, ભર્યાં તે રહે ભંડારે પામે
નામરતાં થયાં.

રમણ— (૯)

રે પ્રાણદાન લ્યો પ્રેમદા પ્રીતે, સ્નેહ સ્વીકારો સંગ ધરી.

સુંદરીકા—પારસમણી પાસે બેસી પ્રિયતમ, થાઉં કંચન રૂપ ખરી.

રમણ—.................આ પ્રેમ બગીચે પ્રીત મળી

સુંદરીકા—...............ખીલી મુખડાની પ્રેમ કળી

રમણ—.................ખીલતી તન ડાળે ઝુલે ઠરી

સુંદરીકા—શી સુગંધ દેતી જાય, ચિત્તડું ચંચળ થઇ ચમકાય

રમણ—ચટપટ થાય, ચપળકળાય, પંખી ઉડતાં ના અથડાય વળી

સુંદરીકા—પ્રિતીનો ચીલો જોઇ, ચાલે જે જુવતી જોડી
રમણ—પ્રેમીના પંથો કેરૂં, જાણીતું સ્થાનક વેરી.
સુંદરીકા—પ્રેમ વાયુની લ્હેરો લેતાં.
રમણ—ચાલે ન થાકે વહેતાં વહેતાં.
સુંદરીકા—વિકટ વાટનાં વચનો દેતાં
રમણ—મારગ ઉલંઘે જન કહેતાં.
બન્ને સાથે—ચાલો પડીએ પ્રેમ પંથમાં, અમૃત ફળ લેતાં પ્રિયા
સુંદરી ! રે પ્રાણ.

વસન્તીકા— (૧૦)

ગુંથો ગુંથણી બાળ, બાળ બાગના બ્હારમાં.
બાર બાર તૈયાર ! બાળક આવો હારમાં,

વસન્તીકા તથા સખીયો } મનહર રાસ રમો મન ખાસ ગમો, કર મધુર રાસ ધરીરિ.

અરસ પરસ બસ સરસ સરસ, ગીત ગાઓ સાથ ફરીરે
રંગીન સંગીન દોર જોરથી! પકડો સર્વે સાથ
તાલ બ્હાલથી આપ આપથી, ફીડીનક! ધીની ફીટ હાથ-મનહર.
ચારચોકડી ભાત દાખવો ! રંગીન સંગીન રંગ
ઉલટ પુલટ ફરતાં હસતાં છોડીઆ રંગ ઉમંગ -મનહર.

વિલાસી— (૧૧)

તાલ જામ્યો પામ્યો હું પુરણ પ્રેમ દીલદાર !
હવે માનો મોજીલી મુંને ભરથાર !

દાસીયો—જાને પાજી અરે જાને પીટયા પાજી કરે પતરાજી ગાજી
વિલાસી—વશીકર આંખ રૂપાળી ! ભામીની તું ભાવથી ભાળી.

હસી દે હાથમાં તાળી.

દાસીઓ—હવે છેક તેં હદવાળી નફટ તું નાક વીનાનો!

વિલાસી—કપટી ચુપ હેવાનો, મારૂં લાત નાદાનો!

દાસીઓ—એ પાપી ખર, છુટાકર, અમપર, મયાકર, દીલમર્દા
ડર ધર ખાંતે થાશે ખુવાર! તાલ જામ્યો.

જાલમસિંહ— (૧૨)

જા જા તુજ મુખ દુર કરર! અગઅગ પ્રગટે જોઇ ઝાળ.
હળી મળી અરીસંગ! કર્યો ઉમંગ ભંગ!

રમણ—વીચારી જુઓ મન! અરી નથી એ સુજન

રાણી—જળો ગતી તજો શાને સિધા સામે ટેડા ચાલો. તુજ.

જાલમ—ચરર ચરર ચિત્ત ચીરાય ચીરાય
લુણુશાને લગાડી પ્રજાજો! નહીં નહીં આજો!

રમણ—નરવર વાતમાં વીચાર સાર એમ ઉર ધારીએ.

રાણી—આખર તનમન ધન પરીજન સહુ ફના ફના છે. તુજ.

(૧૩)

વસન્તીકા—ખીલી જોબન જુવતીની ફુલવાડીરે!
રસરંગી કળીયોની શી લાલીરે! ખીલી.
વેલે વેલે કુસમ છે! પરાગમય નવરંગ
અલગ અલગ ખુશ વાસ છે! જોને જેવો સંગ
લેતી મીઠી સુગંધી મદવાલીરે ખીલી.

દાસીઓ—સાહેલી રાણી તારી આ શી આતુરી
આ શી આતુરી સારી નીરખી ચાતુરી
પરાગી પુષ્પે મોહ્યા મધુકર.
વદી કાં વાણી અધુરી વાહ વાહ. આ શી.

રત્નસિંહ— (૧૪)

વાહ ખુબ ખીલી મધુરી કળી સુંદરી રસીક પરાગે ભરી.
લચકતી ઠરી, ગઈ તરૂણી, શી નવ યૌવન મદભરી.
રસીલી કળી તેને અલી ફરરરરરરર સરરરરરરર.
ઉડે તરૂવર વળીરે અહાહા. વાહ ખુબ.
પવનની લપટ વીંખે પુરભરી, બગીચે ઘુમી રહી ચીત હરી.
શી ચટક અજબ આ બ્હાર. સ્યો રંગ ભર્યો ગુલઝાર.
શાફરે શોકીનો લાલ, મનોહર ફાસ. આવ્યો યૌવન રૂતુનો
હર ઘડી.
અરરરર સરરરરરર મળું કયારે હું હાલ સુંદરી પરીરે.
અહાહા વાહ.

વસન્તીકા— (૧૫)

યાદ કરજે વ્હાલા, લટકાળા લાલા ભોલો કાલા દીન દાસીના
દીન દાસીના આ પ્રેમ પ્યાસીના યાદ.

રત્નસિંહ—મેરૂથી મોટી છે અણુંથી છોટી છે પ્રેમદા પ્રીતીના
રીતી નિદાન
લાખેણી લાડીને, જાણી પ્રમાણીને, આણીસું માણીસું!

વસન્તીક—વિલાસીવા. દિન દાસીના.
વૃક્ષ વિનાની વેલડી, કાય વિનાની છાંય.
વાહાલા વીણ વનીતા તણી, ગતી બરાબર થાય. યાદ.

રત્નસિંહ—કપુર મરીમાં ઠરી રહે. અળગું ઉડી જાય.
જુવતી આ જીવડા તણી, તમવીણ તે ગતી થાય. યાદ.

અંક બીજો.

દરબારીઓ— (૧૬)

જય જય દરબાર શુરવીર સરકાર દાતાર. જય જય જય જય.
આધાર, ભુપાળ, સરદાર, વિસ્તારી તારી કીર્તિ જગમાં જયકારી
ભુતળપર સરદારી, વારી વારી છે સુખકારી, પવીત્ર પાળનારા.
જયદંડ ધારનારા, જશ અખંડ, આઆઆ. જગમાં જામો
જાલમસિંહ—જય.

વારાંગનાઓ— (૧૭)

સૌ ગાઓરે મતવાલી મધુરી ધીમે ધીમે—ધીમે ધીમે.
તા, ધીન ધીને–તા ધીન ધીને—નાચો સંગે, પ્રેમ રંગે.
સૌ ઉમંગે, મનહર મુરલી મન લોભાવે. તોમ તનનનન.
ચોમ થનનન, ધ્રુંમ છનનન–મધુરી ગાયે રસીક રાગણીઓ છનનન !
રસીલી સુંદરીઓ નાચો ઝુમ ઝનનનન–સલુણા શામળા શોખીલા
ઘુમે ધનનનન રમે રસ કુંજમાં રસીક લાલ સનનનન. સૌ ગાઓરે.

જાલમસિંહ— (૧૮)

મારા અંતરમાં ઝાળ આ ઉઠી, હઠીલી નારે પ્રેમ ઝુડી લૂંટી.
પ્રીતી દોરી હા તૂટી, લજ્યા મારી ખુટી ! મારી કિર્તી હાય વછુટી. મા
પેટડું ફાટયું ત્યાં તે પાટો હું શી રીતે બાંધું, સુજે નહીં કંઇ સાન
ભુલાવ્યું મુજ ભાન, પાપી શાં સંતાન, ઓ ઇશ્વર મારૂં આ શું ધાર્યું.
કુળ સંહાર્યું, સાગર અંદર આગ ઉઠી, હાઅતગી છુટી !
કીરતાર દે આ વાર સદ બુધ્ધિ. મારા—

વસન્તીકા— (૧૯)

જુવો અજબ જગત રંગે ઢોંગીલું જણાય. (૨)
સંત બીચારે ભૂખે મરે છે, લુચ્ચો ઠગારો મોજ કરે છે.
હણે બકરી ને નહીં વાઘને મરાય, **જુઓ.**
નાના મોટા કોઇ ન રહેવાના, ટાણું થયું કે ચાલ્યા જવાના.
ઉગે રવી તો પ્રભાત સાંજે અસ્ત થાય—જુવો.

વસન્તીકા— (૨૦)

પ્યારા પીતા પ્રીત વીસારો કાં, ઉછેરીને ઉર વીદારો કાં

રાણી—જનેતા ઝેર દીયે, બાલુડાં કોને પાયે.

વસન્તીકા—એવી મતી ઉરમાં ધારો કાં. પ્યારા.

જાલમ—જ્યાંથી વિષધર વેરીને, વધવા નહીં દેવાય
વામી વૃદ્ધી પામતાં, પોષક પેહેલાં ખાય.

રાણી—વેણોનાં બાણ મારો કાં.

વસન્તીકા—ઉછેરી ને ઉર વીદારો કાં. પ્યારા.

રમણ—રામ નામ રટ માવડી, એ મુજને છે સહાય
જેહ વસ્યા વલકલ ધરી, વરસ ચૌદ વનમાંય

રાણી—સહે ઉર વીયોગ તારો કાં.

વસન્તીકા—ઉછેરીને ઉર વીદારો કાં. પ્યારા.

ઝમકુ— (૨૧)

વ્હાલા વીરહી કરોને વિલાસ.

વિલાસી—ધિઃક પડયો માનખ્ખો, રાંડ ગાંડીના લેને ગ્લાસ. ધીઃક

ગુલાબસિંહ—સાકરયા શરબત ને નળનું છે પાણી.

ઝમકુ—પ્રીતીની પુરી નીશાની. વાહ:વાહ

વિલાસી—હવે મરી જાઓ, હવે બળી જાઓ, હવે ટળી જાઓ.

ઝમકુ—પ્રીયે લ્યો પ્યાલી.
ગુલાબ—વા વાલી દે તાલી.
વિલાસી—ધિક પડ્યો માનખંભા. વ્હાલા વીરહી.

વિલાસી— (૨૨)

દુનીયા ન્યારી ન્યારી, શાબુપણુની સાચી બલીહારી.
જુઠો જગમાં ફાવી જાય; હર કામ કામપર, રંગઢંગ ચાલાક બની
ઢોંગી ઢોંગ કરી પાખંડી ફરતા ખુવારી. દુનીયા.
છે આ જગમાં આડંબર, ધરપચ, સરપચ, રંગરાગમાં માન લેતી.
લુચ્ચી ટોળી સાચા મરી લીણુ માતથી રોજ હુન્નર હારી.
દુનીયા

ફેરબની ફફડ જીંદગાની. લુચ્ચાની દીવાળી માની.
ઢોંગ સોંગની મઝા મનાણી, ભાઈ સઘળાની છે હાની.
દર દરબારે ભભકા ભા , રંગ ફિડાઠે વેશ વધારે, શોખ સુધારે.
દુખ ન ધારે, સાચ પ્રજાકે [illegible] શોખીન ભારી. દુનીયા.

સખીયો— (૨૩)

યોવન ઘેલી ભાન ભુલેલી. પ્રેમ પગેલી છેલી છકેલી!
નવેલીર શોભે સખીયોના સાથમાં!
વેણી સમ વીષધર થવા! ચાલે ધસતા પેટ!
કંઠ માગવા કોકીલા! વસતી વનમાં નેટ!
નીરખીએ રામાની નાસીકારે! શુક રહે વનફળો ખાઇરે!
હરની શીરે ધુળ ધારે! મીન ઉરે પેખીનેરે!
ક્ષણરે મલકાતી ને ક્ષણ શરમાતી ગાતી ક્ષણે હરખાતી
છેડલે છાતી છુપાવા જાય? પડસુલીસમ પેટ દેખાય
કટી કામનીનીનીરખીને પાતળી? સિંહનો ગરવ સાવ ગયો

ગળી હો? વાહવાહ? ત્રીવેણી ન્હાવાં જે ફળ થાય
તે ફળ દે તટ ત્રીવળીએ બાળની!
રંભ થંભ જંઘ જોઇ મુનીશ્વર રહે મોહી પીંડી બાળના
સમાન કામદેવની કમાન, રચી રૂપાળી વીંચીએ બાળી
છે હદવાળી ભાળી ભુતાળી નીહાળીને!
નાખે નીત નજર નાથમાં. ગોન!

સુંદરીકા— (૨૪)

વાહાલા વીદેશી યાદી મારી ફિરે ધરજો!
રમણ—પ્યારી પ્રીતી રીતી નીતી મગે અનુસરજો!
સુંદરી—માળા જપું પીયુ પીયુ રટું પુરી પ્રિતથી?
રમણ—વિસારૂં ન વ્હાલી મારી મનોહરી ચિન્તથી!
સુંદરી—વારી વારી છબીલા રૂડે રૂપે રંગીલા!
રમણ—બોલો દારા રસીલા બાંધે બનીને બ્હાલા!
સુંદરી—વારી વાહ?
રમણ—ઠારી દાહ?
સુંદરી—માગો મન મોહન મારા મીઠી મરમાળી વાણી!
મોહન મારા મીઠી (૨)
રમણ—પ્રિતી કરૂં પાણી, પાઓ રંગીલી રાણી!
સુંદરી—ઠમારા વૃતી જાણી (૨)
રમણ—ત્યારે દાયોને?
સુંદરી—લાલ લ્યોને?
રમણ—રજા દેશો?
સુંદરી—સહ લેશો? આઓ.

જાલમસિંહ— (૨૫)

શૂરવિર બ્હાદુરો તન ચડાવો અંકુરો;
શત્રુને કરો પુરો, સુહામથી.

લશ્કર—દેશ દાઝ ખાઇને, ગીત રસીક ગાઇને
આપશું વધારે શૂર નામથી. રંગ રંગ જંગ જામ પી લહો.
બળ વધારવું શુભ કામથી, શત્રુને નમાવવો,
જય જગત જમાવવો, વજ્ર છાપ મારવો દમામથી–શૂર

રત્નસિંહ— (૨૬)

અજય રાજ ઉત્પાત અમલમાં, કલેશ વૃક્ષ છાયા;
જુલ્મ પવનની લાગે ઝપટ ત્યાં, જીવ છોડે માયા.
ન્યાય તણો ધુળ કોટ ચણેલો, ઉડતો હર વખતં;
પ્રજાતણાં અન્નજળ લુંટાયે, હરે સરસ કાયા.
વૈભવ મોટો, શોખ ઘણો પણ, અવળે પગલે માર
ધિઃક જીવતર એ ભુતળ સ્થળનું, જ્યાં સરખી જાયા.

રત્નસિંહ— (૨૭)

એગમના સમ વીષમ નિયમ, અધમ જુલમ તારા

સુંદરીકા—સિંહનું કુટુમ્બ કેદ કરી, શીદ મારછ ઓ હત્યારા.

જાલમ—ગરવ સરવ ગાળુ ગમાર;

ધિરસિંહ તથા રાણી } ધરમ કરમ વામી વીચાર;

જાલમ—મારૂં માર બેસુમાર

ધિર સંહ તથા રાણી } નીતીની રીતીનો સમજ સાર.

રત્ન સિંહ—થયા શુભ દિવસ ન્યારા. એગમ.

વીજયશંકર— (૨૮)

રાય પ્યારને છે ધિકઃ હોય જો અધિકાધિક તોય રાતદિન,[illegible]

જેવી વીજળી આકાશ, જેવો જગનું પ્રકાશ.
તેવો રાય પ્રિતિ પાસ, તેથી રાન વાસ ઠીક—રાય

વિલાસી— (૨૯)

નખરાળે નેણે વ્હાલ ભર્યે વેણે મોહીને આવ્યા મોજ માણવા.
યોવન તુરીને પલાણવા

ચતુર—વાહ: વાહ:
વિલાસી—અતી અનંગે રમવા રંગે
ચતુર—આપો અધરપાન સ્વાદ જાણવા બસ (૨) નખરાળે
વિલાસી—અળગા રહોરે વળગ્યા શું આવો પાલવે
પ્યારીનો પ્યારો થશે હવે.
ચતુર—આવી કેવી ખટપટ. ભેટો ભેટો ઝટપટ
વિલાસી—શાણી મારી વાણી જાણી લ્યો લવે. નખરાળે.

વિલાસી— (૩૦)

હું ઘોડે અસ્વાર કે હું ઘોડે અસ્વાર હું તો હું ઘોડે અસવાર (૩)
ચટચટ હાંકું ઝટઝટ હાંકું, મારૂં ચાબખ ચાર. હું તો હું.
ચતુર—ઉંહુંહુંહુ આમ કાં!
વિલાસી—લે પ્યારના ચાબખા.
ચતુર—માર ત્યારે માર વેગે દરશન દે દીલદાર, તારા આશકનું
મન ઠાર મારી નાજુકડી તું નાર. હું તો હું.
વિલાસી—કામી કપટી પરમાં લપટી, ખાંતે થાતા ખુવાર
ચતુર—આ તો વાગે છે!
વિલાસી—ભાઇ ડાઢી તારી માગે છે! લેતો જાને લાડવો,
તું કાળાં કૃત્ય કરનાર, ગાસ ચણ્યા ખાને ખુબ ઘોડા,
માથે જુતી માર.
ચતુર—આવો પ્યાર.
વિલાસી—ચુપ ગમાર. હું તો હું.

અંક ત્રીજો.

સુંદરી— (૩૧)

દીનમણી દુઃખનો ઉગ્યો ! દારૂણ તાપેથી તાવવારે
નીરાશા કમળોને ખીલાવી ! આશા કુમુદ ખીલતી અટકાવી
અટકાવી ભૂમીમાં ભાવ્યું ભાવીને આધીન થઇ ભાવવારે. દિન.
વિપત્તિના વનનું પોષણ કરવા સંપત્તિ સલીલને શોષી હરવા
મન ચકવા ખ્યાની ચકવીના વેગથી વિયોગને નસાવવારે દિન.

કૃષ્ણાબા— (૩૨)

કરી સુનો આ ઉછંગ; ઉડો કાં ઓ વિહંગ (સ્વપ્નામાં બોલે છે)

સુંદરી—

સંગ લેશોજી ના નહીં કહેશો મુખે

રમણ—નાજુકડી નાર મુજ હૈયા હાર. રણની મોઝાર કષ્ટો અપાર
સુંદરી—કહું સ્વામી શીર નામી રણ જનમી રહું પામી શરણ આપનું
શોભાવું માતા પેટ એવી ઉર હામ પુરી છે મને
રમણ—ધન ધન તરૂણી ધરણી તલમાં રમણી નમણી ને અલબેલી
સુંદરી—મુખડું નીરખું હું પળ પળમાં લટકે મટકે બની છું ઘેલી
રમણ—ચાલો ઝટપટ કટકટ કટકટ કટકા કરવા અરી ઉરના !

કૃષ્ણાબા— (૩૩)

હાય મન ભવ દરીયામાં ઝોથાં ખાતું જાય ચાલ્યું
ઝુલતું હાય નિહાળું ઉડતું હાય ચાલ્યું કાળ પવનની લાગે ઝપાટી
હાયરે મન
ગરજામાં ઉછળવા લાગ્યું આખર અંતર અંદર વાગ્યું !
ભાગ્યું નહીં પણ તૂટયું લાગ્યું. હાય ડૂબશે પ્યારૂં મારૂં—ભવ
મગરો તર્ક વિતર્કના ગળવા ફાડે મુખ આમ તેમ અથડાય છે પામી
પુરણ દુઃખ—ભવ.

વીજયશંકર— (૩૪)

વાવા શી મજા છે રૂડી પ્રભુ ભજનમાં નથી એવી અહનિશ રામાથી રમતાં
જમતાં, ગમતાં, સુધાશાં ભોજન, નથી પુત્ર અને પરિવારો માંહિરે—વાવા
નથી રાજે નથી તાજે મોજ એવી, માયા મહીં એની મજા નાંહિરે—વાવા
નથી ઇંદ્રાસન માંહિ મોજ એવી, નથી એવી બીજે સ્થળે ક્યાંહિરે—વાવા.

રમણસિંહ—વિજયશંકર—

રમણ—ધન્ય ભાગ્ય આજ માહરાં, મને ગુરૂ મળ્યા
ત્રણ તાપ આજ માહરા, ખરે ખરાં ટળ્યા—ધન્ય

વિજય—જળે વસે સદા નલીન, નાં ભીંજાય છે
એમ વસ્યે જગત માંહિ, મોક્ષ થાય છે—ધન્ય

રમણ—જ્ઞાન અવિચળ આપીયું, તન મન ધન ચળવંત
એ આપૂં ગુરૂ તોય પણ, રહેશે ઋણ અનંત—ધન્ય

વિજય—આતમથી સમજાય છે, નિજ આતમનું રૂપ
ગુરૂ શિષ્ય પોતે થયો, અવર સરવ ભ્રમ રૂપ—ધન્ય.

આલમ (૩૫)

પેખી વામી હરામી કપટ કળા જાણી તુજ રાગી નફટ લંપટ !

રમા—અધમને સંગ ધરમ કરમ શરમ ભરમ ખોશો !

આલમ—છેતર્યો ખટપટ કરી તેં બાળકો ઉગારે મુજને તું મારે

રમા—તીક્ષણ કટારે હૃદય વીંધારે બોલો આવા

આલમ—બસ પ્રપંચ કર માં ઓ પાખંડી ક્રુર દુર ખસ વામી.

વસંતલીલા— (૩૬)

રે આવું પ્રિતમજી હું સંગ ? પ્રાણ જેમ શોભે ચુંદડીયે શું રંગ ?

હું પ્રિત કુંડમાંરે નવરાવું ?

રતનસિંહ—પ્રિતી પુરીઓ હું ખવરાવું ?

વસન્તીકા—પ્રેમી બીડલાં હું ચવરાવું !
રત્નસિંહ—એસાડું બાળા ઉછંગ ?
વસન્તીકા—વાલમજી આજે ઉમંગ ? —રે આવું !
નેહ નજરનાં નયનામૃતથી, નિત્ય નાહી નરનાર
રત્નસિંહ—ચાહ ચંદન પ્રીત પુષ્પ ચડાવી, ધરી મોદની માળ
ભજીશું પ્રેમ પ્રભુ કીરતાર. રે આવું.

જાલમસિંહ— (૩૭)
રાણી વામી છે અવળી ચાલે મારી નાર ?
એ દુષ્ટાને હું પળમાં મારી કરું હાર !
ગતી મતી હારી, શઠ અવીચારી, મુદ હરનાર, ભવ ભરનારાં
રીપુને મળેલી ? મનની મેલી ઘેલી થયેલી ?
બાળ છટેલી, કેદ કરેલી, કાઢી મેલીરે
મારું શારે તલવાર. રાણી.

લશ્કરી માણસો-- (૩૮)
શુરવીર બહાદુર સૌ રસરંગી, આવો આવો જગ જગ જંગી,
રણવીર રણધીર એકજ ઢંગી, થાઓ લડવા તૈયાર
શુર અજમાવો બળ બતલાવો, જય જય ગાઓ, સરખા થાઓ.
દુશમન હણવા હથીયાર ધરો, ફટકાવો જાલમ જય જંગી, શુર.

નંદલાલ— (૩૯)
દુર દુર જાર નાર શરમ શરમ છે ધિઃકાર ?
વિલાસી—અધમ કરમ કરણ હાર, ધરમ ભરમ છોડનાર
ઝમકુ—હું ગમાર ભુલી નાર ?
નંદલાલ—પારાવાર ફીટકાર !
વિલાસી—તરણુ વદન રદન ધરણ મરણ શરણે પરણ જા.
ઝમકુ—આપણી ? પાપણી ?

નંદલાલ—મુજ ઉર કાપણી, ભવ બગાડયો મારો રાંડે રાખી
નહીં કંઇ મણા.
વિલાસી—ગુણથી કે અવગુણથી સૌનાં છોડાં એક ને ધરાકધણાં
ઝમકુ—હાય મરૂં ઝેર ખાઇ હવે હું તો ?
નંદલાલ—હત્યારી નઠારી વ્યભીચારી નારી.
વિલાસી—વાયરે વાય નારી ?
નવી—હાયરે હાય હારી !
નંદલાલ—ગુલાબો માણુતો તો !
વિલાસી—એતો હું જાણુતો તો ! દુર.
જાલમસિંહ— (૪૦)
નહીં નહીં ઝીલે ભુમી મારો ? ભાર પાપીના પ્રસંગે બહુ પિડયાં
પ્રેમી જનને ? બહુ દુભાવ્યાં બીચારાં બાળકોનાં મનને
બચ્ચાોને શોપ દુઃખાં થાય છે અપાર ?
કીધાં પાપો પારાવાર મરૂં ખાઇને કટાર.
બધા-હત્યારા ન થાશો હણો હાથે નીજ કાયા ?
પાપ સહુ ગયું પુરા પસ્તાયા ?
છોકરાં—વિસારો નાં બાળકોનો પ્યાર પીતા પ્યાર ?
માફ કરશે મોરાર પ્રભુ નોધારા આધાર. નહીં.

(૪૧)

વસન્તીકા—શશીમુખી શાને કહી મને છેલડા ? વદો વદો ઘેલડા
· બોલો અલબેલડા (૨)
રત્નસિંહ—શશી સરખું સુંદર તારૂં ? નવલ નવોઢા મુખ ?
વસન્તીકા—જોયા જાઓ જાઓ ! શશી જેવી વધઘટ કયાં છે
મારા મુખમાં.
રત્નસિંહ—જાણો તેં ગરવ વધે ઘટે તેના દુઃખમાં

વસન્તીકા—વોય મરી ગઇ હાય.
રત્નસિંહ—અરે વાહરે ! વાહ માનો ને માનુની મારી;
વસન્તીકા—જાણીજી જારી વીજારી !
રત્નસિંહ—નહીં વીજારી સોગન પ્યારી !
વસન્તીકા—શશી માં ખાડા છે સ્યામ રંગ હાં
મારે મુખે દયો દેખાડી.
રત્નસિંહ—વિધુ માંહે ખાડો પાડી વીધીએ બનાવ્યું તારૂં મુખ
વસન્તીકા—વાહ !
રત્નસિંહ—ચુમી આપો નાર.
વસન્તીકા—હવે લ્યોને હૈયા હાર. **છોને કહી મને છેલડા.**
સર્વ પાત્રો— **(૪૨)**

આનંદ આનંદ આજે વ્યાપ્યો સ્થળ સ્થળમાં !
આનંદ તણું દળપર દળ ફરે સહુ સ્થળ સ્થળમાં !
ભુમીના તળમાં ઠાલું ઠામ કયાંએ નવ દીસે !
જોતાં જઇ જળમાં, દળમાં તરૂ તણાં નગ નગ મગ મગ સહુ
સ્થળ સ્થળમાં—આનંદ.

મમમાં પ્રેમીના જામ્યો જયકારી, નવરંગથી ઉમંગથી
પરીપુરણ વ્યાપીઓ, જે ચિ-તેથી પ્રિતીનાં રતી
વિસારી ગણી તડકાને છાયા સમ, વિપત્તી સંપતિ ધારી
વનમાં તનમાં મનમાં સહી રહ્યાં આવી જેવી પળ સહુ સ્થળ
સ્થળમાં —આનંદ.

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે મુજબ કિમ્મતથી નાટકના ઓપેરાની ચોપડીઓ જે સાહેબોને જોઇતા હશે તેને રોકડ પૈસે વાંકાનેર આર્ય હિત વર્ધક નાટક કમ્પનીના પાસેથી મળશેઃ—

પુરૂકુમાર	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
મીરાંબાઇ	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
નરસીંહ મહેતો	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
સંસારી સાવિત્રી	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
જગતસિંહ	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
શૈલબાળા	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
ઇન્દુમતી	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
સતી સુંદરબા	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
ચંદ્રકાન્તા	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
નર્મદા	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
શુરવીર શીવાજી	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
સીતા સ્વયંવર	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
પ્રેમચંદ્રિકા	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
સત્યવાદી હરિશ્ચંદ્ર	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
મહારાણા	પ્રતાપના	ઓપેરા	...	૦–૨–૦
ગોપીચંદ	નાટકના	ઓપેરા	...	૦–૨–૦
કુમુદ કિશોરી	નાટકના	ઓપેરા	...	૦–૨–૦

ઉપરનાં પુસ્તકો કંપનીના મુકામેથી મળશે તેમજ ગુજરાતના તમામ નામીચા શેહેરોમાં અમારી કંપનીના દરેક એજંટો પાસેથી મળશે. વેલ્યુપેબલ અથવા નોટપેડ કાગળ રાખવામાં આવશે નહિ. વિનંતિ ગ્રંથ કર્તા.